RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 301, Dt.10-3-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હવે આધારકાર્ડની માફક ચૂંટણીકાર્ડમાં પણ યુનિક નંબર

## પંચનો નિર્ણયઃ ડુપ્લિકેટ મતદાર ઓળખકાર્ડ ત્રણ માસમાં હટાવાશેઃ ભારતનો મતદાર યાદી ડેટાબેઝ વિશ્વનો સૌથી મોટો ડેટાબેઝ માનવામાં આવે છે, જેમાં ૯૯ કરોડથી વધુ નોંધાયેલા મતદારો છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ચૂંટણી પંચે દેશમાં ચૂંટણીમાં પારદર્શિતા અને નિષ્પક્ષતા વધારવા માટે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. પંચે ડુપ્લિકેટ EPIC નંબરોની સમસ્યાને દૂર કરવા માટે ૩ મહિનાની સમય મર્યાદા નક્કી કરી છે.

આ પહેલનો ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતાની ખાતરી કરવા અને દરેક મતદારો પાસે ફક્ત એક માન્ય ઓળખ હોવાની ખાતરી કરવાનો છે. તેનાથી ભારતના મતદરાનો ડેટાબેસ વધારે સટીક અને વિશ્વસનીય બની જશે. સાથે જ આધાર કાર્ડની માફક હવે વોટરને વોટિંગ કાર્ડનો પણ યૂનિક કાર્ડ નંબર આપવામાં આવશે.

ભારતનો મતદાર યાદી ડેટાબેઝ વિશ્વનો સૌથી મોટો ડેટાબેઝ માનવામાં આવે છે, જેમાં ૯૯ કરોડથી વધુ નોંધાયેલા મતદારો છે. તે નિયમિતપણે અપડેટ કરવામાં આવે છે. ચૂંટણી પંચે શોધી કાઢ્યું છે કે કેટલાક મતદારોને ભૂલથી ડુપ્લિકેટ EPIC નંબર આપવામાં આવ્યા છે.

આ સમસ્યા ૨૦૦૦ માં EPIC શ્રેણી લાગુ થયા પછી શરૂ થઈ, જ્યારે કેટલાક ચૂંટણી નોંધણી અધિકારીઓ એ યોગ્ય શ્રેણીનો ઉપયોગ કર્યો ન હતો. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ મતદાર યાદી ડેટાબેઝનું સ્વતંત્ર રીતે સંચાલન કર્યું, જેના કારણે આ ભૂલ ધ્યાન બહાર રહી ગઈ.


જોકે, ચૂંટણી પંચે આ મુદ્દાને ગંભીરતાથી લીધો છે. તાજેતરના એક તપાસમાં જાણવા મળ્યું છે કે, ડુપ્લિકેટ EPIC નંબર ધરાવતા ૧૦૦ થી વધુ મતદારો ખરેખર કાયદેસર મતદારો છે.

જોકે, આ સમસ્યાએ ચૂંટણી પ્રણાલીમાં સંભવિત વિસંગતતાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કમિશને સ્પષ્ટતા કરી છે કે દરેક મતદારને ફક્ત તેમના નિયુક્ત મતદાન મથક પર જ મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે, જેથી ચૂંટણી પ્રક્રિયાની ન્યાયીતાને અસર ન થાય.ચૂંટણી પંચે દેશમાં ચૂંટણીમાં પારદર્શિતા અને નિષ્પક્ષતા વધારવા માટે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. પંચે



ડુપ્લિકેટ EPIC (મતદાર ફોટો ઓળખ પત્ર) નંબરોની સમસ્યાને દૂર કરવા માટે ૩ મહિનાની સમય મર્યાદા નક્કી કરી છે. આ પહેલનો ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતાની ખાતરી કરવા અને દરેક મતદારો પાસે ફક્ત એક માન્ય ઓળખ હોવાની ખાતરી કરવાનો છે. તેનાથી ભારતના મતદરાનો ડેટાબેસ વધારે સટીક અને વિશ્વસનીય બની જશે. સાથે જ આધાર કાર્ડની માફક હવે વોટરને વોટિંગ કાર્ડનો પણ યૂનિક કાર્ડ નંબર આપવામાં આવશે.

## સંસદના બજેટ સત્રના બીજા તબક્કાના પ્રારંભે વિપક્ષ અને સરકાર વચ્ચે જબરી ટક્કર



એક પખવાડીયાથી વધુ સમય બાદ સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો પ્રારંભ થતા જ પ્રથમ દિવસે વિપક્ષ અને સરકાર વચ્ચે જબરી ટક્કર સર્જાઈ હતી. જેમાં નવા સીમાંકન અને નવી શિક્ષણનીતિ ત્રણ ભાષાઓના વિવાદ પર ડીએમકે સહિતના સાંસદોએ ધમાલ મચાવતા બપોર સુધી રાજયસભા અને લોકસભા મુલત્વી રહ્યા છે. રાજયસભામાં આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે નિયમ ૨૬૭ મુજબ શેરબજારમાં તિવ્ર ઘટાડા અને તેના કારણે રીટેલ રોકાણકારોને થતા નુકસાન અને નિયમનતંત્રની કામગીરી તેવા મુદા પર સભા મોકુફી પ્રસ્તાવ રજુ કર્યો હતો. તો કોંગ્રેસ પક્ષે અમેરિકા દ્વારા લાદવામાં આવી રહેલા ટેરીફ મુદે પણ આ પ્રકારની નોટીસ આપી હતી. સરકારે તમામ ચર્ચાઓ કરવા તૈયારી બતાવી પણ વિપક્ષે ધમાલ મચાવવાનું યથાવત રાખતા જ લોકસભા અને રાજયસભા બપોર સુધી મુલત્વી રહી છે.

## જલવાયુ પરિવર્તનના કારણે ઠંડક પહોંચાડનાર લા નીનાએ પણ તેની અસર ખોઈઃ રાજયમાં 13 જિલ્લાઓમાં યલો એલર્ટ


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જલવાયુ પરિવર્તનના કારણે ઠંડક પહોંચાડનારનું નલા નીનાથ પણ તેની અસર ખોઈ રહ્યું છે. વૈજ્ઞાનિકોનું માનવુ છે કે ભવિષ્યમાં લાનીના દરમ્યાન પણ ભીષણ ગરમી અને લાંબો હીટવેવ જોવા મળી શકે છે. ભારતમાં આ વર્ષે સામાન્યથી વધુ તાપમાન રહેવા અને જલદી ગરમી શરૂ થવાની સંભાવનાઓ દરમ્યાન એક અભ્યાસમાં ચિંતા વ્યકત કરવામાં આવી છે.

હવામાન વૈજ્ઞાનિકોના અનુસાર લા નીના પ્રશાંત મહાસાગરમાં સમુદ્રી તાપમાનને ઠંડી કરીને દુનિયાના અનેક ભાગોમાં ઠંડક વધારે છે. પરંતુ જલવાયુ પરિવર્તનના કારણે આ અસર નબળી પડી રહી છે.

આઈઆઈટી બોમ્બે અને આઈઆઈટી ગાંધીનગરના વિશેષજ્ઞોનું કહેવુ છે કે, વૈશ્વિક તાપમાનમાં સતત વૃધ્ધિથી હવે લા નીના પણ ગરમીથી રાહત નહિં અપાવી શકે. આ અધ્યયન વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન અને યુરોપનાં કોપરનિકસ કલાયમેટ ચેન્જ સર્વીસનાં રિપોર્ટની સાથે આઈઆઈટી બોમ્બે અને આઈઆઈટી ગાંધીનગરના વૈજ્ઞાનિકોનાં વિશ્લેષણ પર આધારીત છે.

હવામાન વિભાગ અનુસાર ૨૦૨૪ ની ગરમીઓમાં હીટવેવનાં સૌથી વધુ દિવસ રેકોર્ડ કરાયા હતા. જે ૧૪ વર્ષમાં સૌથી વધુ છે. ફેબ્રૂઆરી ૨૦૨૪



માં ૧૯૦૧ બાદની સૌથી વધુ ગરમી ફેબ્રુઆરીમાં રહી.વૈજ્ઞાનિકોનું કહેવુ છે કે આ વર્ષે પણ માર્ચથી જ ગરમી સામાન્યથી વધુ રહી શકે છે.

રાજ્યમાં માર્ચ મહિનાના પ્રારંભે જ હીટવેવનો પ્રારંભ થઈ ચૂક્યો છે. હવામાન વિભાગે ૧૦થી ૧૩ માર્ચ સુધી રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરી હીટવેવની આગાહી કરી છે. જ્યારે રાજકોટમાં તો તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. આજની જ વાત કરીએ તો, ૧૩ જિલ્લાઓમાં યલો એલર્ટ અપાયું છે.

## કેનેડાના નવા વડાપ્રધાન બનતા બેન્કર માર્ક કાર્ની : અનેક પડકારોનો સામનો કરશે

### ટ્રમ્પ ટેરીફ નીતિ સમયે પુર્વ બેન્કરની પસંદગી સૂચક

**મુખ્ય સમાચાર,ઓટ્ટાવો**

અમેરિકાએ છેડેલા ટેરીફ વોરથી સૌથી પ્રભાવીત પાડોશી કેનેડામાં વર્તમાન વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોના અનુગામી તરીકે કેનેડાની રીઝર્વ બેન્કના પુર્વ ગવર્નર માર્ક કાનીની પસંદગી કરવામાં આવી છે.

૫૯ વર્ષીય કાનીને ૮૫.૯% મતો મળ્યા હતા. નોર્થવેસ્ટ કેનેડાના રહેવાસી શ્રી માર્ક કાર્નીએ હાર્વડ યુનિ.માં અર્થશાસ્ત્રીની ડિગ્રી લીધી છે તથા ઓકસફર્ડમાં માસ્ટર ડીગ્રી મેળવી બાદમાં કેનેડાની વિવિધ બેન્કો સાથે કામ કર્યુ છે અને ૨૦૦૮માં તેઓને કેનેડાની રીઝર્વ બેન્કના ગવર્નર તરીકે નિશ્ચિત કરાયા હતા.

૨૦૨૦માં તેઓને ટાઈમ મેગેઝીને વિશ્વના સૌથી પ્રભાવશાળી ૨૫ વ્યક્તિઓમાં સ્થાન આપ્યુ હતું. તેઓ અનેક મહત્વપૂર્ણ જવાબદારી પણ સંભાળી ચૂકયા છે તથા ૨૦૧૨માં કેનેડાના નાણામંત્રી પણ બન્યા હતા.

હવે કેનેડાની શાસક લીબરલ પાર્ટીએ જસ્ટીન ટ્રુડોના નેતૃત્વમાં નવી ચુંટણી જીતી શકાશે નહી તેવા સંકેત મળતા જ નેતૃત્વ પરિવર્તનનો નિર્ણય લીધો હતો અને ખાસ કરીને




જે રીતે અમેરિકાએ ટેરીફ વોર છેડી છે તથા કેનેડા પર અમેરિકી આધિપત્યનો પણ સંકેત આપ્યા બાદ દેશનું સુકાન કોઈ મજબૂત હાથમાં સોંપવા નિર્ણય લેવાયો હતો.


માર્ક કેર્નીએ હાલના વડાપ્રધાન ટ્રુડોની આર્થિક નીતિના વિરોધી છે. નવા વડાપ્રધાન પર દેશના અર્થતંત્રને સંભાળવા ઉપરાંત ચુંટણી જીતવાની પણ જવાબદારી છે તથા ભારત સાથેના બગડેલા સંબંધોને તેઓ કઈ રીતે હેન્ડલ કરે છે તે પણ મહત્વનું બની જશે.

## દુબઈમાં ભારતની જીત બાદ ઈન્દોરમાં ઉજવણી સમયે બે જૂથો વચ્ચે અથડામણ

**મુખ્ય સમાચાર,ઈન્દોર**

ગઈકાલે રવિવારે રાત્રે દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતે જીત મેળવી હતી. ભારતની જીત બાદ મધ્ય પ્રદેશમાં ઈન્દોરના મહુ વિસ્તારમાં કેટલાક યુવાનો જીતની ઉજવણી કરી રહ્યા હતા.

આ દરમિયાન જ્યારે રેલી મહુની જામા મસ્જિદ પાસે પહોંચી ત્યારે બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતા. આ ઘટનામાં ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા હતા.પથ્થરમારા સાથે ઘણી દુકાનોમાં આગ લગાવવામાં આવી હતી. મહુમાં થયેલા હોબાળા બાદ પોલીસ એક્શન મોડમાં છે. આ વિસ્તારને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની જીત બાદ કેટલાક ક્રિકેટ ચાહકો ઈન્દોરના મહુ વિસ્તારમાં રેલી કાઢી રહ્યા હતા. આ દરમિયાન



તેમની રેલી મહુની જામા મસ્જિદ પાસે પહોંચી હતી. લોકો જામા મસ્જિદની અંદર નમાઝ અદા કરી રહ્યા હતા. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થયો અને ઝઘડો એટલો વધી ગયો કે પથ્થરમારો શરૂ થઈ ગયો હતો. બંને બાજુથી પથ્થરમારામાં લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ દરમિયાન ઘણી દુકાનો અને વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ વિસ્તારમાં તણાવ છે. મહુમાં થયેલી આ હિંસા અંગે માહિતી આપતાં ઈન્દોરના કલેક્ટર આશિષ સિંહે જણાવ્યું હતું કે, પપથ્થરમારા બાદ પરિસ્થિતિ નિયંત્રણમાં છે. વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

## અયોધ્યામાં રામનવમી પર આવનારા શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે પ્રશાસન એલર્ટ

### દર્શન માર્ગને તડકો અને ગરમીથી બચવા માટે ઢાંકવામાં આવશે


**મુખ્ય સમાચાર,અયોધ્યા**

રામ મંદિર પર હુમલો કરવાનાં ષડયંત્રમાં આરોપીઓની ધરપકડ બાદ હવે ચૈત્ર રામ નવમી પર અહીં આવનારાં સંભવિત ૩૦ લાખ શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે પ્રશાસન એલર્ટ મોડ પર છે. હોળી, રમજાન અને રામનવમીના તહેવારોની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રએ તકેદારી લેવાનું શરૂ કર્યું છે.

આ સાથે જ રામ મંદિર ટ્રસ્ટ દ્વારા રામનવમી પર આવનારાં શ્રદ્ધાળુઓના સરળ અને સુવિધાજનક દર્શનની વ્યવસ્થા કરવા માટે પોતાની યોજના મુજબની કામગીરી શરૂ કરવામાં આવી છે. મંદિર ટ્રસ્ટ રામનવમી પહેલાં મંદિરનાં પહેલાં માળે રામ દરબારની મૂર્તિઓ સ્થાપિત કરવા માંગે છે. જયપુરમાં ભગવાન રામ, માતા જાનકી અને ત્રણેય ભાઈઓની મૂર્તિઓનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેને ટૂંક સમયમાં અયોધ્યા લાવવામાં આવશે.

મહાકુંભની દોઢ મહિના સુધી ચાલેલી ભીડ વ્યવસ્થામાંથી બહાર આવ્યાં બાદ હવે મંદિર ટ્રસ્ટને ભારે વ્યવસ્થિત મેનેજ કરવાની મુશ્કેલીઓને સમજવાનો નવો અનુભવ થયો છે. જેને પહોંચી વળવા મંદિર ટ્રસ્ટ વ્યવસ્થામાં ફેરફાર કરી રહ્યું છે.

ચૈત્ર રામ નવમી પર ભગવાન રામની જન્મ જયંતિની પૂર્ણ ભવ્યતા સાથે ઉજવણી કરવા માટે લાખો ભક્તોને સુલભ અને સુવિધાજનક દર્શનની યોજના પર કામ શરૂ થઈ ગયું છે. મહાકુંભની ભીડનો અનુભવ લઈ ભીડ વ્યવસ્થા સાથે રામલલ્લાના દર્શનની વ્યવસ્થા કરવા માટે સુવિધાજનક આયોજન કરવામાં આવી રહ્યું છે.આ સમય દરમિયાન બાંધકામના કામોની સમીક્ષા કરવામાં આવી રહી છે ત્યારે દર્શનાર્થે ભાવિકોને કોઈ પણ પ્રકારની તકલીફ અને અગવડતા ન પડે તે માટે પણ કામગીરી કરવામાં આવી રહી છે રામ મંદિર ટ્રસ્ટનાં ટ્રસ્ટી ડો.અનિલ મિશ્રાના જણાવ્યાં અનુસાર, ઉનાળાની ઋતુમાં રામનવમી દરમિયાન દર્શન માર્ગની ઉપરનાં સમગ્ર વિસ્તારને આવરી લેવા માટે છત્રનું નિર્માણ કરવામાં આવી રહ્યું



છે. મંદિર પરિસરની અંદર પ્રવેશ દ્વારથી દર્શન પથ સુધીનાં વિસ્તારને ઢાંકી દેવામાં આવશે જેનું નિર્માણ કામ એલ એન્ડ ટી અને પીએફસીને સોંપવામાં આવ્યું છે. છતના નિર્માણ માટે સામગ્રી એકત્રિત કરવાનું કામ શરૂ થઈ ગયું છે. છત લગભગ ૬૦૦ મીટરની લંબાઈમાં બનાવવામાં આવશે. પીવાના શુદ્ધ પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તો માટે લોકરની સંખ્યા વધારવામાં આવી રહી છે. વીઆઈપી ગેટ નંબર ૧૧ બંધ કરીને ગેટ નંબર ૩થી શ્રદ્ધાળુઓને મોકલવામાં આવશે. તેની પાસે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# ટીમ ઈન્ડિયાની જીત બાદ દેશભરમાં આતશબાજી

### મેચ દરમ્યાન સુનકાર સડકો ભારતીય ટીમની જીત સાથે જ ઉભરાઈ ગઈઃ સર્વત્ર ઉજવણી - ટ્રાફિકજામ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વન-ડે ક્રિકેટની સૌથી મોટી ટુર્નામેન્ટ ચેમ્પીયન્સ ટ્રોફીના ફાઈનલમાં ન્યુઝીલેન્ડને હરાવીને ભારત વિશ્વ વિજેતા બનતા દેશભરમાં જશ્નનો માહોલ સર્જાયો હતો ભારત માટેની આ ગૌરવભરી ક્ષણની ઉજવણી કરવામાં આવી હતી. કાશ્મીરથી માંડીને કન્યા કુમારી સુધી લોકો રસ્તા પર ઉતરી પડયા હતા અને તિરંગા લહેરાવવા સાથે આતશબાજીનાં ધુમધડાકાથી સેલીબ્રેશન કર્યું હતું.

ભારતને ત્રીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફી પર કબજો કર્યો છે અને દુનિયાની પ્રથમ ટીમ બની ગઈ છે. ત્રણ વખત વિશ્વ વિજેતા બનેલી ભારતીય ટીમે પાંચ વખત ફાઈનલ મેચ રમ્યો હતો. ભારતની જીત સાથે દેશભરમાં જશ્નનો માહોલ સર્જાયો હતો હોળી પૂર્વે જ દિવાળી આવી ગઈ હોય તેમ તમામ શહેરોમાં લોકો રસ્તા પર ઉતરી પડયા હતા અને ફટાકડાનાં ધૂમ ધડાકા સર્જયા હતા.


દિલ્હીમાં ઈન્ડીયા ગેટથી માંડીને મુંબઈનાં ગેટ વે ઓફ ઈન્ડિયા સુધી તમામ જાહેર સ્થળે ક્રિકેટ ફેન્સથી ભરચકક બન્યા હતા વાહનો તથા હાથ પર તિરંગા ફરકાવવા સાથે ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા અને ઠેકઠેકાણે ભવ્ય આતશબાજી થઈ હતી. દિલ્હી, મુંબઈ, પ્રયાગરાજ, લખનૌ, અમદાવાદ, રાજકોટ, બેંગ્લોર, ચેન્નાઈ સહીતના શહેરોમાં અનેરો જશ્ન હતો. હોળી પૂર્વે દિવાળીનો માહોલ હતો.

મેચ ચાલુ હતો ત્યારે માર્ગો પર સન્નાટો અને કરફયુનું વાતાવરણ હતું. લોકો મેચ નિહાળવામાં વ્યસ્ત હતા. પરંતુ મેચ ખત્મ થવા સાથે ભારતની જીત સાથે જ માર્ગો પર ઉતરી પડયા હતા અને સર્વત્ર ટ્રાફીક જામનાં દ્રશ્યો સર્જાયા હતા. લોકોએ રસ્તા પર ડાન્સ કર્યા હતા અને અભૂતપૂર્વ રાષ્ટ્રભકિત દર્શાવી હતી.ચેમ્પીયન્સ ટ્રોફી પુર્વે ખરાબ ફોર્મ સામે ઝઝુમી રહેલા ભારતીય ટીમના કપ્તાન રોહિત શર્માની નિવૃતિ વિશે અનેકવિધ અટકળો વ્યક્ત થતી હતી. પરંતુ વન-ડેના વિશ્વવિજેતા બન્યા બાદ નિવૃતિની વાતનો છેદ ઉડાવી દીધો હતો. આવી અફવા નહીં ફેલાવવા પણ આહવાન કર્યુ હતું.

રોહિત શર્માએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ લેવાનો કોઈ ઈરાદો નથી. નજો હો રહા હૈ, વો ચલતા જાએગાથ (જે ચાલી રહ્યુ છે તે ચાલુ જ રહેશે). હુ વન-ડે ક્રિકેટમાંથી નિવૃતિ લેવાનો નથી અને આવી કોઈ અફવા પણ નહીં ફેલાવવા અપીલ છે. ૩૭



વર્ષિય રોહિત શર્માએ ઉપરાઉપરી બે ટાઈટલ ભારતને અપાવ્યા છે. ગત વર્ષે ટી૨૦માં વિશ્વવિજેતા બન્યુ હતુ અને હવે વન-ડે ક્રિકેટમાં ચેમ્પીયન બન્યુ છે.



# કુંવરજી બાવળીયાના ગઢમાં કોળી-ઠાકોર સમાજનું મહાસંમેલન યોજાયું

## હજારોની સંખ્યામાં સમાજના લોકો ઉમટી પડ્યાઃ આ મહાસંમેલનમાં સંખ્યાબંધ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ચર્ચાઓ કરવામાં આવી

**મુખ્ય સમાચાર,જસદણ**

વિંછીયા ખાતે ઘનશ્યામ રાજપરા નામના યુવાનની હત્યા બાદ પોલીસ ઉપર થયેલી પથ્થરમારાની ઘટનામાં સંડોવાયેલા કોળી યુવાનો સામેના કેસ પરત ખેંચવા અને ઘનશ્યામભાઈના પરીવારને ન્યાય આપવાની માંગ સાથે વિંછીયા ખાતે કોળી અને ઠાકોર સમાજનું મહાસંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં ભારતી આશ્રમના મહંત ભારતીબાપુ, સાંસદ ગેનીબેન ઠાકોર, વિરોધપક્ષના નેતા અમિતભાઈ ચાવડા, પુંજાભાઈ વંશ સહિતના કોળી-ઠાકોર સમાજના આગેવાનો અને કોંગ્રેસના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જો કે, આ મહાસંમેલન કુંવરજી બાવળીયાના રાજકીય હરીફો તેમજ કોંગ્રેસ અને આપ દ્વારા બોલાવવામાં આવ્યું હોવાની ચર્ચા ચાલી રહી હતી.

વિંછીયામાં કોળી સમાજ અને ઠાકોર સમાજનું મહાસંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં બપોરે ૨:૦૦ કલાકે આ મહાસંમેલનની શરૂઆત કરવામાં આવી હતી. આ સંમેલનમાં હજારોની સંખ્યામાં લોકોની ઉપસ્થિતિને લઈને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ સંમેલનમાં હજારોની સંખ્યામાં કોળી સમાજ અને ઠાકોર સમાજના લોકો ઉમટી પડ્યા હતા.

ખાસ કરીને આ મહાસંમેલનમાં ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર સહિતના કોળી સમાજ અને ઠાકોર સમાજના આગેવાનો પહોંચ્યા હતા. જો કે, બન્ને સમાજના લોકોની ભારે માત્રામાં ઉપસ્થિતિને પગલે ઉઢજઙ, ડ્ઈ, ડ્જઈ તેમજ ૫૦૦ થી વધારે પોલીસ કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કોળી સમાજ અને ઠાકોર સમાજમાં થયેલા અત્યાચારો અને પથ્થર મારાના કેસો પરત ખેંચવા સહિતના મુદ્દાઓને લઈને આ મહાસંમેલનમાં ચર્ચાઓ કરવામાં આવી હતી.

સંખ્યાબંધ પડતર પ્રશ્નોનું નિરાકરણ માટે મહા સંમેલન.

આ મહાસંમેલનમાં વિંછીયામાં થયેલી કોળી યુવાનની હત્યા બાદ સમાજના લોકો દ્વારા પરિવારને ન્યાય અપાવવા માટે અને કોળી અને ઠાકોર સમાજના સંખ્યાબંધ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે મહાસંમેલન યોજવામાં આવ્યું હતું.

ટીકીટ માંગવાના હોય ત્યારે કહેતા હોય છે કે અમારા સમાજના આટલા મત છે એટલે મને ટીકીટ મળવી જોઈએ, તો એમણે આજે પણ કહેવું જોઈએ કે અમારા સમાજને આટલો અન્યાય થયો છે તો એમને ન્યાય મળેઃ ગેનીબેન ઠાકોર-સાંસદ. આજે વિંછીયામાં કોળી સમાજના જે યુવાનનું મર્ડર થયું હતું તેના પરિવારને ન્યાય મળે તેમજ મર્ડર થયા પછી જે આરોપીઓને પોલીસે પકડ્યો તે વાત બરાબર છે. પરંતુ ૯૨ થી વધારે કોળી સમાજના યુવાનો સામે પોલીસે જે ખોટા કેસો તે યોગ્ય નથી. ગુજરાતમાં અનેક સમાજોના કેસો પાછા ેંચાણા છે. જેમના કેસો પાછા ખેંચાણા તેની સામે અમને કોઈ વાંધો નથી. પણ કોળી સમાજના યુવાનો ઉપર જે ખોટી રીતે ફરિયાદ દાખલ કરીને એમને હેરાન કરવા માટેના પ્રયત્નો કર્યા. જેના કારણે વિરોધપક્ષના નેતા અમિતભાઈ ચાવડાના નેતૃત્વ હેઠળ આજે કોળી-ઠાકોર સમાજના આગેવાનો આ સમાજને હુંફ મળે અને જે અન્યાય થયો છે એમને કઈ રીતે સરકાર તરફથી અને પોલીસ તરફથી ન્યાય મળે એના માટે આજે સમાજના બધા આગેવાનો વિંછીયા ગામની મુલાકાતે અને આ સંમેલનમાં આવ્યા હતા. ઘનશ્યામભાઈ રાજપરાનો લેન્ડગ્રેબિંગનો જે કેસ હતો એમને તેમની માંગણી મુજબ પરિવારને ન્યાય મળે. આ બે-ત્રણ બાબતોને લઈને આજે સૌ આગેવાનોએ વાત કરી હતી. હું સરકાર પાસે અપેક્ષા રાખું છું કે આમને ન્યાય મળે. સરકારમાં




બેઠેલા કોળી સમાજના આગેવાનોની પણ આ બાબતે નૈતિક જવાબદારી થાય છે કે કોઈપણ પક્ષા-પક્ષીથી દુર રહીને સર્વ પક્ષી જ્યારે કોઈપણ વ્યક્તિ પોતે જ્યારે જાહેર જીવનમાં આવતા હોય અને ટીકીટ માંગવાના હોય ત્યારે કહેતા હોય છે કે અમારા સમાજના આટલા મત છે એટલે મને ટીકીટ મળવી જોઈએ. તો એમણે આજે પણ કહેવું જોઈએ કે અમારા સમાજને આટલો અન્યાય થયો છે તો એમને ન્યાય મળે. અમે સરકારમાં વિપક્ષ તરીકે અમારી ભૂમિકા પણ અદા કરીશું.

# જસદણમાં પિતા-પુત્ર વચ્ચે બોલાચાલી થતા પિતાએ તેના સગા પુત્રને તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા નીપજાવીઃ હત્યારા પિતાની અટકાયત

## જમીન વાવવાના નજીવા પ્રશ્ને પિતા સાથે બોલાચાલી થતા પુત્રને મોતને ઘાટ ઉતારી દીધો

**મુખ્ય સમાચાર,જસદણ**

જસદણમાં જમીન વાવવાના નજીવા પ્રશ્ને પિતા-પુત્ર વચ્ચે બોલાચાલી થયા બાદ પિતાએ તેના સગા પુત્રને તીક્ષ્ણ હથિયારના મારી હત્યા નીપજાવતા કાઠી ક્ષત્રીય સમાજમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જો કે આ હત્યાના બનાવમાં જસદણ પોલીસે ગણતરીની કલાકોમાં જ હત્યારા પિતાની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. જસદણના ગીતાનગર વિસ્તારમાં રહેતા અને સેવાભાવી કાઠી ક્ષત્રીય આગેવાન પ્રતાપભાઈ રામકુભાઈ બોરીચા(ઉ.વ.૫૨) અને તેના પિતા રામકુભાઈ આલેકભાઈ બોરીચા વચ્ચે સવારે ૧૦ વાગ્યા આસપાસ તેમના ઘરે જમીન



વાવવાના નજીવા પ્રશ્ને બોલાચાલી થઈ હતી. બાદમાં વાતાવરણ ઉગ્ર બનતા પિતા રામકુભાઈએ તેના સગા પુત્ર પ્રતાપભાઈને છાતીના ભાગે ગુપ્તી જેવા તીક્ષ્ણ હથિયારના ઘા મારી દેતા પ્રતાપભાઈને પ્રથમ જસદણ બાદ વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ તેમને સારવાર મળે એ પહેલા જ તેમણે રસ્તામાં દમ તોડી દેતા કાઠી ક્ષત્રીય સમાજમાં શોક છવાઈ ગયો હતો. બાદમાં મૃતક પ્રતાપભાઈનું રાજકોટની સિવિલ હોસ્પિટલમાં પી.એમ. કરવામાં આવ્યું હતું. આ હત્યાના બનાવમાં જસદણ પોલીસે ગણતરીની કલાકોમાં જ સગા પુત્રની હત્યા નીપજાવનાર રામકુભાઈની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જસદણના સેવાભાવી યુવાનની હત્યાના બનાવથી શહેરભરમાં અરેરાટી છવાઈ ગઈ હતી. આ બનાવમાં મૃત્યુ પામનાર પ્રતાપભાઈ બોરીચાને સંતાનમાં એક પુત્ર છે અને તેઓ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા. પરંતુ તેમનું મૃત્યુ થતા અન્ય સેવાભાવીઓમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. હાલ આ હત્યાના બનાવની વધુ તપાસ જસદણ પોલીસ ચલાવી રહી છે.

# જામનગર જિલ્લા પોલીસ દ્વારા દ્વારકા જતાં પદયાત્રીઓ માટે સેવા કેમ્પ શરૂ કરાયો



જામનગર, ફાગણી પૂનમના પાવન અવસરે દ્વારકાધીશના દર્શન માટે નીકળેલા પદયાત્રીઓ માટે ખીજડીયા બાયપાસ પાસે જામનગર જિલ્લા પોલીસે વિશેષ સેવા કેમ્પની વ્યવસ્થા કરી છે.આ કેમ્પમાં શ્રદ્ધાળુઓને રહેવા-જમવાથી લઈને તમામ સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવી છે.પદયાત્રીઓની સેવા સાથે સુરક્ષા જળવાઈ રહે તે માટે જામનગર જિલ્લા પોલીસ દ્વારા રિફલેક્ટર લગાવવામાં આવે છે. જેથી કરીને રાત્રિના સમયે અકસ્માત સર્જાવાનો ભય ન રહે.આ કેમ્પમાં પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પગપાળા જઈ રહેલા લોકોની સેવા કરવામાં આવી રહી છે.

# કોસ્ટલ સાયક્લોથોનઃ કચ્છથી કન્યાકુમારી સુધી C.I.S.F. ની રાષ્ટ્રીય જાગૃતિ સાયકલ રેલી મોરબી પહોંચી

## સુરક્ષિત કિનારો,સમૃદ્ધ ભારત-3000 કિમીનો પ્રવાસ, ડ્રગ્સ, શસ્ત્રો, વિસ્ફોટકોના જોખમ સામે પ્રજામાં જાગૃતિ લાવવાનો ઉદ્દેશ્ય

**મુખ્ય સમાચાર,મોરબી**

C.I.S.F. ના ૫૬મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે કચ્છથી કન્યાકુમારી સુધી યોજાઈ રહેલી રાષ્ટ્રીય જાગૃતિ સાયકલ રેલી મોરબી જીલ્લામાં પહોંચી હતી. નસ્રસુરક્ષિત કિનારો,સમૃદ્ધ ભારતસ્રસ્ર ની થીમ સાથે ૨૫ દિવસમાં ૩૦૦૦ કિમીનો આ પ્રવાસ ડ્રગ્સ, શસ્ત્રો અને વિસ્ફોટકોના જોખમ સામે પ્રજામાં જાગૃતિ લાવવા અને રાષ્ટ્રીય સુરક્ષામાં જનજાગૃતિ ફેલાવવા સંદેશવાહક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ રેલીનું મોરબી જીલ્લામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (C.I.S.F.)



દ્વારા કચ્છથી કન્યાકુમારી સુધીની સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૪ મહિલા સહિત ૭૫ સાયકલ સવાર અને ૫૦ જેટલા સપોર્ટિંગ સ્ટાફ સાથે કુલ ૧૨૫ જવાનોનો કાફલો મોરબી જીલ્લામાં આવી પહોંચ્યો હતો. માળીયા(મી)અવધ ઓનેસ્ટ ખાતે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, ઉદ્યોગપતિઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને પ્રતિનિધિઓ દ્વારા આ રેલીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ૧૫ કિમીનો અંતર કાપી કાફલો સરવડ મુકામે રાત્રી રોકાણ માટે પહોંચ્યો હતો.

# મોરબી જીલ્લામાં ૧૦ દિવસીય લેન ડ્રાઈવિંગ ડ્રાઈવ શરૂઃ નેશનલ હાઈવે પર ટ્રાફિક નિયમોનો ચુસ્ત અમલ

## રોડ અકસ્માતોને અટકાવવા માટે મોરબી પોલીસનો મહત્વપૂર્ણ પ્રયાસ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જિલ્લામાં ૭ માર્ચથી ૧૬ માર્ચ સુધી લેન ડ્રાઈવિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. નેશનલ હાઈવે પર ભારે વાહનો ડાબી સાઇડ ચાલે તે સુનિશ્ચિત કરવા, ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા અને અકસ્માતો રોકવા માટે અલગ-અલગ સ્થળોએ મોરબી ટ્રાફિક પોલીસની વિશેષ ટીમ કામે લાગી છે.

મોરબી જીલ્લામાં નેશનલ હાઇવે રોડ ઉપર ટ્રાફિક નિયમોનુ ચુસ્ત પણે પાલન થાય અને જીલ્લામાં રોડ અકસ્માતના બનાવો અટકે તે માટે હાઇવે રોડ ઉપર ભારે વાહનો રોડની ડાબી બાજુ ચલાવવા અંગે તેમજ જરૂરી માર્ગદર્શન આપવા માટે મોરબી જીલ્લામાં તા.૦૭ માર્ચ ૨૦૨૫ થી તા.૧૬ માર્ચ ૨૦૨૫ દિન-૧૦ ની લેન ડ્રાઇવીંગની ડ્રાઇવ રાખવામાં આવેલ છે. જેમાં નેશનલ હાઇવે ઉપર ટ્રાફિમ નિયમોનુ પાલન કરાવવા માટે ભારે વાહનો રોડની ડાબી સાઇડ ચાલે તે માટે નેશનલ હાઇવે ઉપર અલગ અલગ જગ્યાએ રોડ ઉપર પોલીસની અલગ અલગ ટીમો બનાવી રોડ ઉપર ચાલતા ભારે વાહનનો લેન ડ્રાઇવીંગનો ભંગ કરતા હોય તેવા વાહન ચાલકોને રોકી લેન ડ્રાઇવીંગ કરવા બાબતેની વાહન ચાલકોને સમજ આપવામાં આવે છે. તેમજ ઓછી ગતીએ ચાલતા વાહનોને પણ રોડની ડાબી સાઇડ વાહન ચલાવવા માટેની સમજ આપવામાં આવે છે.

આ ઉપરાંત મોરબી જીલ્લા ટ્રાફિક શાખા દ્વારા લેન ડ્રાઇવીંગ બાબતે



ભારે વાહન ચાલકોને સુચના આપવા તેમજ લેન ડ્રાઇવીંગ બાબતે ઓટો રીક્ષામાં લાઉડસ્પીકર દ્વારા ગુજરાતી તથા હિન્દી ભાષામાં મોટા અવાજે સુચનાઓ આપવામાં આવે છે. રોડ ઉપર ટ્રાફિક સમસ્યા ન સર્જાય તેની પુરી તકેદારી રાખવામાં આવે છે. અને રોડ ઉપર ભારે વાહનોના ચાલકોને લેન ડ્રાઇવીંગ માટેનું ચુસ્ત પાલન કરાવવામાં આવે છે. જેથી રોડ ઉપર લેન ડ્રાઇવીંગનો અમલ કરવામાં આવે તો રોડ ઉપર બનતા ગંભીર અકસ્માતો રોકી શકાય. વધુમાં મોરબી પોલીસ દ્વારા પ્રજા જોગ સંદેશ આપી જણાવવામાં આવ્યું છે કે તમામ ટ્રાન્સપોર્ટના માલીકોને પોતાના ભારે વાહનોના ચાલકોને લેન ડ્રાઇવીંગ કરવા બાબતે સમજ કરવા તમામને મોરબી પોલીસ દ્વારા અપીલ કરવામાં આવે છે.

# મોરબીમાં દશનામ ગોસ્વામી યુવક મંડળ દ્વારા છઠ્ઠા સમૂહ લગ્નોત્સવ સમારોહ યોજાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી દશનામ ગોસ્વામી યુવક મંડળ દ્વારા છઠ્ઠા સમૂહ લગ્નોત્સવ નું આયોજન સામાકાંઠે ઉમા ટાઉનશીપ સામે સાઈબાગ ખાતે કરવામાં આવ્યું હતું.

સાત યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. સમૂહ લગ્નમાં દીકરીઓને કરિયાવરમાં સોના ચાંદીના દાગીનાથી લઈ જીવન જરૂરિયાતની ૧૦૧ જેટલી ચીજવસ્તુઓ ભેટ અપાઈ ઉપરાંત દાતાઓ તરફથી મનમુકીને દાનની સરવાણી વહાવી હતી આ સમૂહ લગ્નમાં ગોસ્વામી સમાજના સંતો મહંતો, મોરબી રાજકોટ ભગવા ગ્રુપના આગેવાનો, રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

યુવક મંડળ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોને મોરબી ગોસ્વામી સમાજના પત્રકાર અલ્પેશભાઈ ગોસ્વામી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ ઉપસ્થિત સંતો શ્રી મોરબી દશનામ ગોસ્વામી યુવક મંડળ દ્વારા આયોજીત છઠ્ઠા સમુહ લગ્નોત્સવ મહંતો, મહાનુભાવોએ યુવક મંડળના સમૂહ લગ્નના સફળ આયોજનને બિરદાવી અભિનંદન પાઠવી યુવક મંડળની ટીમનું સન્માન કર્યુ હતું.

આ પ્રસંગે રામધન આશ્રમ મોરબી મહંત શ્રી ભાવેશ્વરીબેન જણાવ્યું કે આપના પરિવારમાં આપ બધા સંપીને રહો ભગવાન ભોળાનાથ ના ઘરમાં આખું કુટુંબ પુજાણું સ્વભાવ જુદા - જુદા પણ બંધાય પુંજાય છે કાચબો. સિંહ.નાગ. પણ કદાચ તમારા ઘરની અંદર વાલી દિકરીઓ- ભર્તાવો કઈ કદાચ કોઈ મનમેળ ના હોય તો બાપ મનમેળ કરી લેજો. તમારું ઘર ચોક્કસ



મંદિર બનશે બંધાયે લેટ ગો કરવાની ભાવના રાખવાની સાસુ પણું છોડે અને વહું. વહું પણું છોડે..

આ સમૂહ લગ્નને સફળ બનાવવા મોરબી દશનામ ગોસ્વામી યુવક મંડળ પ્રમુખ તેજશગીરી મગનગીરી, પુર્વ પ્રમુખ અમિતગીરી ગોસ્વામી સહિત સભ્યની ટીમે જહેમત ઉઠાવી હતી.

મહિલા મંડળએ પ્રમુખ રશ્મિબેન ગોસ્વામી સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળ ભારે જહેમત ઉઠાવી હતી કાર્યક્રમ ના જમણવારના દાતા સિરામિક ઉદ્યોગપતિ શ્રી યજ્ઞેશભાઇ પટેલ એ સહયોગ આપ્યો હતો મોરબી પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ જયરાજસિંહ જાડેજા, મુકેશગીરી હીરાગીરી ટંકારા, ભરતગીરી ચંદુગીરી, સોમગીરી પ્રભાતગીરી, ડો મનિષગીરી કાન્તિગીરી, હસુબાપુ ભગવા રંગ ભોલેકા ગ્રુપ રાજકોટ, હસમુખગીરી ભગવા ગ્રુપ મોરબી ચેતનગીરી સુરેશગીરી ( વાંકાનેર ) સહિત મહાનુભાવો સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં બે ગોડાઉનમાંથી કબ્જે કરાયેલા ઈંગ્લીશ દારૂના ગુનામાં મુખ્ય આરોપીને રાજસ્થાનથી ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન અને ટંકારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પકડાયેલ બે અલગ-અલગ ગોડાઉનના ઈંગ્લીશ દારૂના કેસમાં મુખ્ય આરોપી, જે ખોટા દસ્તાવેજો આધારે ગોડાઉન ભાડે રાખીને દારૂનો ધંધો ચલાવતો હતો, તેને મોરબી ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના જાલોર જીલ્લામાંથી ઝડપી લીધો છે.

મોરબીમાં ગઈ તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ શક્ત શનાળા રાજપર રોડ ઉપર ભુમી નામના ગોડાઉનમાં સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગર ટીમ દ્વારા દરોડો પાડી ઈંગ્લીશ દારૂની ૧૭,૫૧૪ નંગ બોટલ કિ.રૂ.૭૬.૩૯ લાખ તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂ.૧.૧૧ કરોડનો મુદામાલ કબ્જે કરેલ કુલ-૪ આરોપીઓને સ્થળ ઉપરથી પકડી પાડી કુલ-૧૧ આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધાયો હતો. જ્યારે ટંકારાના લજાઈ જી.આઈ.ડી.સી.માં શ્રી સંકલ્પ ગોડાઉનની સામે આવેલ બંધ ગોડાઉનમાં પણ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડો કરી ઈંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાંડની ૨,૧૪૭ નંગ બોટલો કિ.રૂ.૧૧.૮૧ લાખનો મુદામાલ પકડી પાડી આરોપીઓ વિરુધ્ધ ટંકારા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો હતો. ઉપરોક્ત બન્ને ગુનાઓની તપાસ માટે મોરબી જીલ્લા એસપી રાહુલ ત્રિપાઠી દ્વારા મોરબી એલસીબી ટીમને સોંપવામાં આવી હતી. જેથી આ ગુનામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો મોકલનાર, કબ્જે કરેલ વાહન માલીકો તથા ચાલક તેમજ ઈંગ્લીશ દારૂની ડિલેવરી વાઈઝ તપાસ, મળી આવેલ બિલ્ટી, ગોડાઉન ભાડેથી રાખનાર કમલેશ હનુમાનરામ રહે. અડાસર બિકાનેર રાજસ્થાન વાળાઓને સત્વરે પકડી પાડવા મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડના દ્વારા અલગ-અલગ ટીમો બનાવી મહારાષ્ટ્ર,ગોવા, કર્ણાટક તથા રાજસ્થાન રાજ્યમાં મોકલી તપાસ કરાવતા બન્ને ગુનાના કામે ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવેલ તે તમામ દારૂ ડુપ્લીકેટ હોવાનુ તેમજ કબ્જે કરેલ બિલ્ટી ખોટી હોવાનુ અને કબ્જે કરેલ વાહનો પણ ખોટા ડોક્યુમેન્ટ રજુ કરી ખરીદ કરેલ હોવાનુ સામે આવ્યું છે, તદુપરાંત ગોડાઉન ભાડા કરારથી ભાડે



રાખનાર કમલેશ હનુમાનરામ નામની કોઈ વ્યક્તી નહી હોવાનુ અને આ ભાડા કરારથી ગોડાઉન ભાડે રાખનાર વ્યક્તીએ પોતાની ખોટી ઓળખ આપી ખોટા આધારકાર્ડ બનાવી તેમજ ખોટી સહીઓ કરી આ બન્ને ગોડાઉન ભાડે રાખેલ હોવાનુ તપાસમાં સામે આવ્યું હતું. જેથી ભાડા કરારમાં રહેલ ડોક્યુમેન્ટ તથા ફોટાની ઓળખ કરતા આ વ્યક્તિ કમલેશ હનુમાનરામ નહી પરંતુ જગદીશ ઉર્ફે જેડી પપ્પુરામ ઠાકરારામ સાહુ રાજસ્થાન વાળો હોવાનુ તપાસ દરમિયાન જણાય આવ્યું હતું.

# જામનગરમાં હવાઈ ચોક પર આતશબાજી અને દેશભક્તિના નારા સાથે ભારતની જીતની ઉજવણી કરાઈ



જામનગર શહેરમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની ન્યૂઝીલેન્ડ સામેની ફાઇનલ જીતની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરના હવાઈ ચોક વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા.ક્રિકેટ પ્રેમી જનતાએ આતશબાજી કરીને જીતની ઉજવણી કરી હતી. વાતાવરણ દેશભક્તિના નારાથી ગુંજી ઉઠ્યું હતું. હવાઈ ચોક વિસ્તારમાં જાણે સમગ્ર જામનગર એકત્રિત થયું હોય તેવા દૃશ્યો જોવા મળ્યા. શહેરીજનોએ તિરંગા ફરકાવ્યા અને એકબીજાના મોં મીઠા કરાવ્યા હતા. આ રીતે ક્રિકેટ નગરી જામનગરે ભારતીય ટીમની ચેમ્પિયન્સ ટ્રોફી જીતને ભવ્ય રીતે વધાવી લીધી.

# મોરબીમાં ૪ માસ અગાઉ થયેલ મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો, રીઢા ચોરની અટક

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરમાં ચાર માસ પહેલા સમર્પણ હોસ્પિટલ પાસેથી શર્ટના ખિસ્સામાંથી મોબાઇલ ચોરી કરનાર ગોંડલના આરોપીને સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે, પકડાયેલ આરોપી અગાઉ પણ ચોરીના ગુનામાં પોલીસ ચોપડે નામ નોંધાવી ચુક્યો છે. હાલ મોબાઇલ ચોર આરોપીની અટક કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.


મળતી માહિતી મુજબ મોરબી શહેરમા લગાવેલ નેત્રમ સી.સી.ટીવી.કેમેરા તેમજ હ્યુમન સોર્સીસના આધારે એક ઈસમ જુના બસસ્ટેન્ડમા શંકાસ્પદ હાલતમા ચોરી કરવાના ઈરાદે ફરતો હોવાની એ.એસ.આઇ રાજદીપસિંહ રાણા, પો.કોન્સ સિધ્ધરાજસિંહ જાડેજા તથા પૃથ્વીરાજસિંહ જાડેજાને ખાનગીરાહે બાતમી મળેલ તેમજ



સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં તા.૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ મોરબી શનાળા રોડ સમર્પણ હોસ્પીટલના પગથીયા ઉતરતા સમયે ફરીયાદી દેવરાજભાઇ ચતુરભાઇ નદેહારીયા રહે.રાતાભેર તા.હળવદ જી.સુરેન્દ્રનગર વાળાના ખીસ્સામાથી મોબાઇલ ચોરી થયેલ હોય અને આ બનાવ સી.સી.ટી.વી મા કેદ થયેલ હોય અને આ તે જ ઈસમ મોરબી જુના બસ સ્ટેન્ડમા હોવાની બાતમી આધારે આરોપી રોહીતભાઇ શત્રુભાઇ રામજીભાઇ મકવાણા ઉવ.૨૨ રહે.ગોડલ તાલુકા પંચાયત જી. રાજકોટ વાળાને પકડી લેવામાં આવ્યો હતો. પકડાયેલ ઈસમને યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા તેને ઉપરોક્ત મોબાઇલ ચોરી કરેલાની કબુલાત આપી હતી, તેમજ ચોરી કારરલ મોબાઇલ કોઇ અજાણ્યા ઈસમને વેચી નાખેલ હતો. હાલ ની કબુલાત આપતો હોય જેથી મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપીની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પકડાયેલ આરોપી વિરુદ્ધ રાજકોટ અને ગોંડલ પોલીસ મથકમાં ચોરી અંગેના ગુનામાં કેસ નોંધાયેલ છે.

# ભારતની જીતનો રાજકોટીયનોએ જશ્ન મનાવ્યો

**રેસકોર્સ રિંગ રોડ ફરતે ત્રણ કિલોમીટરનો ટ્રાફિકજામઃ રવિવારનો દિવસ હોવાથી બપોર બાદ ક્રિકેટપ્રેમીઓ ટીવી સ્ક્રીન સામે ગોઠવાઈ ગયા હતા**






(તસ્વીરઃ આનંદ જાવિયા)

પાકિસ્તાનમાં રમાયેલી ચેમ્પિયન ટ્રોફીની દુબઈમાં રમાયેલી ન્યૂઝીલેન્ડ સામેની ફાઈનલમાં ભારત ૪ વિકેટથી જીતી જતાં સમગ્ર દેશની સાથે રાજકોટમાં પણ ક્રિકેટપ્રેમીઓએ ભવ્ય ઉજવણી કરી હતી. રવિવારનો દિવસ હોવાથી બપોર બાદ ક્રિકેટપ્રેમીઓ ટીવી સ્ક્રીન સામે ગોઠવાઈ ગયા હતા. રવિન્દ્ર જાડેજાએ ૪૯મી ઓવરના છેલ્લા બોલે વિજયી ચોગ્ગો ફટકાર્યો તેની સાથે જ રાજકોટમાં ક્રિકેટપ્રેમીઓ ટુ-વ્હીલર અને કારમાં તિરંગા ઝંડા સાથે નીકળી પડ્યા હતા, કેટલાક ગ્રુપ તો ડીજે લઈને નીકળ્યા હતા અને ભારતીય ટીમને બિરદાવી હતી. રેસકોર્સ રિંગ રોડ ફરતે ત્રણ કિલોમીટરનો ટ્રાફિકજામ થયો હતો.

## શેઠ સી.એન કોલેજ ખાતે વિદ્યાર્થીઓની કૃતિઓનું પ્રદર્શન





(તસ્વીરઃ આનંદ જાવિયા)


શેઠ સી.એન.કોલેજ ઓફ ફાઈન આર્ટસ ખાતે સંસ્થાના વિદ્યાર્થીઓ ની વર્ષ દરમિયાન તૈયાર કરેલ કૃતિઓનું વાર્ષિક પ્રદર્શન યોજાયેલ હતું. જે તારીખ ૭,૮ અને ૯ માર્ચ (શુક્ર, શનિ અને રવિવાર) દરમિયાન સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી રાખ્યું હતું. આ પ્રદર્શન મા ચિત્ર, શિલ્પ, ગ્રાફિક ડિઝાઈન,મ્યુરલ,વિવિધ ક્રાફ્ટ અને અનેક પ્રકારની કલાકૃતિઓ એકસાથે જોવા મળશે. આ પ્રદર્શન નું ઉદઘાટન અમદાવાદ શહેર, જિલ્લા શિક્ષણાધિકારી રોહીતભાઈ ચૌધરી અને સી.એન.વિદ્યાવિહારના નિયામક શવૈશાલીબેન શાહના હસ્તે કરવામા આવ્યુ.જેઓએ આ પ્રસંગે પ્રેરણાદાયક પ્રવચન આપ્યુ. આ પ્રકારના વાર્ષિક ડિસ્પ્લે કલાસંસ્થા અને સમાજ વચ્ચે અનેક સેતુરૂપ પુરવાર થાય છે.

## રાજકોટ મનપાના ઈઝીલી અપ્રોચેબલ, ઈઝીલી અવેલેબલ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે રાજકોટ મહાનગર પાલિકાના યુવા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર નો જન્મદિવસ છે.જયમીન ઠાકર ૧૯૯૬ થી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા ત્યારે લોકોની સેવાનો સંકલ્પ કરેલ, ત્યારથી સક્રિય રાજકારણમાં પ્રવેશ કરી આજદિવસ સુધી અવિરતપણે લોકસેવામાં કાર્યરત છે. તેઓએ બે વર્ષ સુધી ભાજપ કાર્યાલયની જવાબદારી સંભાળ્યા બાદ યુવા ભાજપમાં શહેર મંત્રીનો હોદ્દો સંભાળ્યો હતો અને પછી મહામંત્રી તરીકેની ફરજ નિભાવી યુવા ભાજપ પ્રમુખની મહત્વની જવાબદારી પણ સંભાળી હતી. તેઓએ વોર્ડ નં.૨ ના શહેર ભાજપ પ્રભારી તરીકે પણ સફળ કામગીરી કરેલ છે. તેઓ પાર્ટી આદેશને સર્વોપરિ માનીને છેલ્લા ૨૮ વર્ષથી ભાજપમાં સક્રિય રીતે કાર્યરત છે.

પઈઝીલી અપ્રોચેબલ, ઈઝીલી અવેલેબલથનો મંત્ર જેમણે આત્મસાત કરેલ છે, એવા જયમીન ઠાકર સતત ૨ ટર્મથી કોર્પોરેટર પદે ચુંટાય છે. ૨૦૧૫માં ભાજપના કોર્પોરેટર તરીકે ચુંટાયા ત્યારથી આજ સુધીમાં સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન તરીકે શહેરીજનોને ગીત-સંગીત, રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમોની યાદગાર ભેટ આપેલ છે. બાદમાં ૨૦૧૯માં આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે તેઓએ જાહેર આરોગ્યની સુરક્ષા માટે મોટી સંખ્યામાં આરોગ્ય કેમ્પ્સનું આયોજન કરાવેલ છે. તેમજ શહેરીજનોને મોંઘી સારવારમાં આર્થિક મદદ માટે હજારો પરિવારોને માઁ અમૃતમ અને માઁ વાત્સલ્ય કાર્ડ આપવાના મેગા કેમ્પોનું સફળ આયોજન કરાવેલ છે, અને આજે પણ આ યોજનાના લાભો સેંકડો પરિવારોને પ્રધાનમંત્રી આયુષમાન ભારત યોજના હેઠળ મળી રહ્યા છે.કોરોના ના કપરા કાળ દરમ્યાન પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર સતત લોકોની વચ્ચે રહીને અનેકવિધ સેવાકાર્યો કરેલ છે. હાલમાં તેઓએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે તા.૧૨/૦૯/૨૦૨૩ થી પદભાર ધારણ કરેલ છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે જયમીન ઠાકર દ્વારા બે વખત રાજકોટ



મહાનગરપાલિકાનું પપ્રજાલક્ષી-કમ-વિકાસલક્ષી બજેટ મંજુર કરેલ છે, જેમાં અનેકવિધ લોકોપયોગી યોજનાઓ જાહેર કરેલ છે. જેમાં વિકાસલક્ષી યોજનાઓ ઉપરાંત ગત નાણાંકિય વર્ષથી સીનીયર સીટીઝનો, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત અને જુવેનાઈલ ડાયાબિટીસગ્રસ્ત લોકો માટે લાયબ્રેરીમાં ફ્રી સભ્યપદ તેમજ ફ્રી બસ સેવા સહિતના સંવેદનાભર્યા નિર્ણયો કરેલ છે, જેના માટે વડીલો તરફથી સતત આશિર્વાદ વરસી રહ્યા છે. આગામી વર્ષના બજેટમાં પણ અનેકવિધ વિકાસલક્ષી ઉપરાંત શહેરીજનોની સુખાકારીમાં વધારો કરતી યોજનાઓ, શહેરને વધુને વધુ હરિયાળુ તેમજ પલિવેબલથ બનાવતી યોજનાઓ, સાથોસાથ પ્રજા પર નવા કરબોજ લાદ્યા વગર મહાનગરપાલિકાની આવકમાં વધારો થાય તેવી પહેલ કરવામાં આવેલ છે.


તેમના દ્વારા પ્રજાહિતમાં ત્વરિત નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત, તેઓ ધાર્મિક સ્વભાવ ધરાવે છે, અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવાની ભાવના તેઓને તેમના પિતા ડો.નવનીતભાઈ ઠાકર તરફથી વારસામાં મળેલ છે. તેઓના વ્યક્તિત્વનું અન્ય એક સારૂ પાસુ તેઓનો સંગીત પ્રત્યેનો પ્રેમ છે. સાથોસાથ તેઓ સુરિલો અવાજ ધરાવતા એક સારા પકરાઓકે સીંગરથ પણ છે.

આજે તેમના જન્મદિને મિત્રો-શુભેચ્છકો, સગા-સ્નેહીઓ, અને હિતેચ્છુઓ દ્વારા મો.નં.૯૮૭૯૮૦૦૦૦૧ ઉપર સતત શુભેચ્છા નો વરસાદ વરસી રહ્યો છે

# રંગના પર્વને ઉજવવા રાજકોટીયનો સજ્જ : કલર અને પિચકારી નું બજાર ગરમ બન્યું







(તસ્વીરઃ આનંદ જાવિયા)







હોળી-ધુળેટીના તહેરવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ધુળેટીના પર્વને મનભરીને માણવા લોકો થનગની રહ્યા છે. ધુળેટીના દિવસે એકબીજાને રંગ ઉડાળી રંગોત્સવ મનાવશે. બાળકો પિચકારીમાં રંગ ભરી અને એક-બીજાને રંગ ઉડાળશે. આ ધુળેટીનો તહેવાર દરેક લોકોમાં ઉત્સાહનો રંગ ભરી દે છે. ધુળેટીના પર્વ પૂર્વે બજારમા પિચકારી અને હર્બલ કલરનું વેચાણ શરૂ થયુ છે. શહેરમા દુકાનો અને લારીમાં વેચાણ થઈ રહ્યુ છે. અને લોકોએ ખરીદી પણ શરૂ કરી દીધી છે. બજારમાં ૧૦૧ જાતના કલર અનેક જાતની પિચકારી જેવી કે બેન્ડટેડ, ડોરોમોન, છોટા ભીમ, નરેન્દ્ર મોદી, અખીલેશ યાદવ, મ્યુજીકલ પંપ, મ્યુજીકલ ટેક, બબુલ સ્વરી પિચકારીમાં એરગન, ટેડિબિયર, ટેન્કુ, ૩ડી, બેન્ડટેન, અમે ઘણી બધી ટેક આવે છે. ૨૦ થી લઈને ૫ હજાર સુધીની પિચકારી રાખી છે. સૌથી વધુ ટેન્ક, ડોરેમોન વધુ માંગે છે.સહિત અનેક વેરાયટીઓમાં પિચકારી આવી છે. આમા ખાસ કરીને મુરગલા હર્બલ કલર જે સ્કીનને નુકશાન ની કરતા, સ્પ્રે કલર, બ્લેક સ્પ્રે આવ્યા છે. રાજકોટની પ્રજા ઉત્સાહિત છે એટલે ગ્રાહકોનો પ્રશ્ન ની છેલ્લા દિવસે વધુ હશે શરીરને ચામડીને નુકસાન કરે તેવા કલર રાખ્યા ની. હર્બલ કલર અને ગુલાલ ઉડાડવા માટે છે. આ કલર ખાસ ઈન્દોરી મંગાવામાં આવ્યા છે. ભાવમાં કોઈ વધારો આવ્યો ની. ખાસ કરીને કેસુડો કલર, ગુલાબી કલર, લાલ કલર વગેરે પ્રકારના કલરો આવેલા છે.રંગમાં તપકીર કલર, સાદ ધુળના કલર, ઓર્ગેનિક કલર, જેમાં ૧૫ થી ૨૦ કલર છે .

## ઉના પોલીસ સ્ટેશનના પીઆઈ સહીત બે હેડ કોન્સ્ટેબલ,એક કોન્સ્ટેબલ સહિત ચાર કર્મચારીનું સન્માન કરાતા ગીર સોમનાથ એસ.પી

**( મુખ્ય સમાચાર અબ્દુલ પઠાણ ઊના)**







ઉના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા નાનજીભાઈ સાદુળભાઈ ચારણીયા, શાંતિલાલ વેલાભાઈ સોલંકી આ બંને હેડ કોન્સ્ટેબલ, અનિલભાઈ ભુપતભાઈ જાદવ કોન્સ્ટેબલ સહિત ચાર કર્મચારીની પ્રશંસનિય અને શ્રેષ્ઠ કામગીરી બદલ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા પ્રશંસાપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. ઉના પોલીસમાં ફરીયાદીના પિતા જીતુભાઈ કાનજીભાઈ સોલંકી ઉ.વ.૫૫ રહે.અંજાર વાળાને તા.૨૩/૦૧/૨૦૨૫ ના રાત્રીના સમયે ઉનાથી અંજાર જતા રોડ પર રામભાઈ પાલાભાઈ વાજાની વાડીની સામે મચ્છુન્દ્રી નદીના પટમાં કોઈ અજાણ્યા માણસે કોઈ અગમ્ય કારણોસર મોટા પથ્થર વડે માથાના ભાગે જીવલેણ ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી મોત નીપજાવી ગુન્હો કરી નાશી ગયા હતા. જેથી ઉપરોકત અને ડીટેકટ ગુનો દાખલ થયેલ જે ગુનાનો ભેદ ઉકેલવા સી.સી.ટી.વી. એનાલીસીસ તથા હ્યુમન સોર્સ મારફતે આરોપીને પકડી પાડી લુંટ વીથ મર્ડરનો ગુનો ડીટેકટ કરી પ્રશંસનિય અને શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. અને પ્રશંસાપત્ર અર્પણ કરી સન્માનીત કર્યા હતા. ઈન્સ્પેક્ટર એમ.એન. રાણાને પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા. ઈંડજદ્વારા ઉત્કૃષ્ઠ અને શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પ્રશંસાપત્ર થી સન્માનીત કરવામાં આવ્યાવાહન ચેકીંગની કામગીરી હાથ ધરવા અને આ ડ્રાઈવ દરમિયાન ફકત એમ.વી.એકટ ૬.૧૮૫ તથા જી.પી.એકટ ૬.૧૩૫ મુજબની જ કામગીરી કરવા સૂચના આપેલ હતી. તે દરમ્યાન ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસરકારક વાહન ચેકીંગની કામગીરી કરી એમ.વી.એક્ટ ૬.૧૮૫ના ૧૦ કેસો શોધી કાઢી. ગુના દાખલ કરાવી ઉત્કૃષ્ઠ અને શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવતાપોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા. ઈંડજદ્વારા ઉના પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેકટર એમ. એન. રાણા પ્રશંસાપત્ર થી સન્માનીત કરવામાં આવ્યા હતા.

## ટ્રુસ્ટાઈલ કોસ્મેટિક્સ પ્રા લિમિટેડે બ્યુટી ઉદ્યોગમાં ક્રાંતિ સર્જી

### વિમેન્સ ડે નિમિત્તે બહેનો માટે સ્પોર્ટ્સ ઈવેન્ટ્સનું સુંદર આયોજન કરાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તૃપ્તિ જાની એક પ્રતિષ્ઠિત ઉદ્યોગસાહસિક અને બ્યુટી ઉદ્યોગમાં દૂરંદેશી છે. તેમના બહુપક્ષીય વ્યક્તિત્વ અને સમર્પણે સૌંદર્ય સેવાઓ પૂરી પાડવા,અને શીખવવાની રીતમાં ક્રાંતિકારી ફેરફારોનું નેતૃત્વ કર્યું છે. ટ્રુસ્ટાઈલ હેર એન્ડ બ્યુટી સલુન્સ અને ટ્રુસ્ટાઈલ હેર એન્ડ બ્યુટી એકેડેમીના સ્થાપક તરીકે, તેમણે એક ગતિશીલ અને પ્રભાવશાળી કારકિર્દીને આકાર આપ્યો છે. તૃપ્તિ જાની ની વ્યાપક તાલીમ અને કુશળતા વિશ્વભરની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં પ્રાપ્ત થઈ છે, જેમાં ટોની એન્ડ ગાય -સિંગાપોર અને લંડન, સાકસ-લંડન અને શ્રેલ હેન્સ ઈન્ટરનેશનલ સ્કૂલ ફોર સ્કિન - નો સમાવેશ થાય છે. તેમણે પ્રખ્યાત કલાકારો અને બ્રાન્ડ્સ સાથે પણ સહયોગ કર્યો છે, જેનાથી તેમનું વ્યાવસાયિક પ્રતિષ્ઠિતતા વધી છે. તેમના નેતૃત્વ હેઠળ, ટ્રુસ્ટાઈલ કોસ્મેટિક્સ પ્રા. લિ., જેમાં ટ્રુસ્ટાઈલ કોસ્મેટિક્સ લોંજ અને ટ્રુસ્ટાઈલ ફેમિલી સલોન નો સમાવેશ થાય છે, તેની સ્થાપના ૨૦૦૫ માં ટેકનિકલ જ્ઞાન અને ઉદ્યોગની શક્તિના સંપૂર્ણ મિશ્રણ દ્વારા છુપાયેલી પ્રતિભાને શોધવા અને તેને કેળવવાના વિઝન સાથે કરવામાં આવી હતી. ઉદ્યોગસાહસિકતામાં તેમના યોગદાનને પ્રકાશિત કરતા, તૃપ્તિ જાની ને ઉત્કૃષ્ટ મહિલા ઉદ્યોગસાહસિકો માટે પ્રિયદર્શિની એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની એકેડેમી અને સલુન્સે તાજેતરમાં સૌથી મોટા બ્રાઈડલ ઈવેન્ટનું આયોજન કર્યુ હતું, જેણે લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં તેના સ્કેલ અને શ્રેષ્ઠતા માટે રેકોર્ડ બનાવ્યો હતો. વધુમાં, ટ્રુસ્ટાઈલ હેર એન્ડ બ્યુટી એકેડેમીએ ગર્વથી ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને સ્નાતક કર્યા છે, જે સૌંદર્ય શિક્ષણ ક્ષેત્ર પર તેની નોંધપાત્ર અસર દર્શાવે છે. તૃપ્તિની શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાએ માત્ર તેમના વ્યવસાયને આગળ ધપાવ્યો નથી પરંતુ અસંખ્ય ગ્રાહકો માટે સંતોષ પણ સુનિશ્ચિત કર્યો છે, જે તેમને એક નેતા તરીકે બિરદાવ્યા કરે છે જે ખરેખર જીવનને બદલી નાખે છે અને સૌંદર્ય ઉદ્યોગમાં બેન્ચમાર્ક સ્થાપિત કરે છે.

ટ્રુસ્ટાઈલ કોસ્મેટિક્સ પ્રા. લિ.સ્ત્રસ્ત્ર, ૨૦૦૫ માં સ્થાપિત થયેલું, તે બ્યુટી ઉદ્યોગમાં એક અદભૂત ક્રાંતિ સાબિત થયું છે. પટ્રસ્ટાઈલથ એ ઈનોવેટિવ અને કોસ્મેટિક ટેક્નોલોજીનું સંપૂર્ણ મિશ્રણ છે. તેના સર્જનાત્મક અને નવીન સ્પર્શ સાથે, તે વિવિધ પ્રકારની સુંદરતાને વધારવાનું અને તેને સર્જન કરવાનો પ્રયાસ કરે છે. તે સમૃદ્ધ અનુભવ અને નિષ્ણાત સાથે ગુણવત્તાસભર સેવા અને શિક્ષણના સ્વરૂપે નવીનતમ કોસ્મેટિક સારવાર અને હેર ડિઝાઈનિંગ પ્રદાન કરે છે.

ફર્સ્ટ પ્રયોરીટી છે અને તેથી જ તેઓ ચોકસાઈ, સંપૂર્ણતા અને નવીનતા સાથે ઉચ્ચ ગુણવત્તાવાળી સેવાઓ પ્રદાન કરવા પ્રયત્નશીલ છીએ. આ ધ્યેય સાથે, છેલ્લા દાયકાથી પ્રતિષ્ઠિત ક્લાઈન્ટ ને સંતોષ આપવા સક્ષમ બનીએ છીએ. દરેક ક્લાઈન્ટને વધુ બ્યુટીફુલ દેખાવાની ઈચ્છા પૂરી કરવા માટે, વ્યક્તિગત આકર્ષણ પ્રદાન કરીએ છીએ, કારણ કે અમે માનીએ છીએ કે પદરેક વ્યક્તિ સુંદર છે અને તે પોતાની





(તસ્વીરઃ આનંદ જાવિયા)

અનોખી રીતે સુંદર છે.

ટ્રસ્ટાઈલ લોન્જ, ટ્રસ્ટાઈલ કોસ્મેટિક્સ પ્રા. લિ. ની એકમ તરીકે શરૂ કરવામાં આવ્યું હતું, જે ગ્રાહકોને ગુણવત્તાવાળી સેવાઓ, ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો, વ્યક્તિગત સાથે તાજેતરના વૈજ્ઞાનિક હેર અને સુંદરતા સારવાર તેમજ લગ્ન માં સૌંદર્ય પ્રદાન કરે છે. અહીં તાજેતરના હેર, સુંદરતા અને લગ્ન સંબંધિત ઉપચાર ઉપલબ્ધ છે, જે નિષ્ણાતોની ટીમ દ્વારા સલાહ, માર્ગદર્શન અને સારવાર માટે ઉપલબ્ધ છે.ટ્રસ્ટાઈલ ફેમિલી સેલોન, રાજકોટમાં જે લેડીસ અને જેન્ટ્સ અને ચિલ્ડ્રન માટે હાઈ-ટેક અને ગુણવત્તાવાળી હેર અને બ્યુટી ઉપચાર પ્રદાન કરે છે. આ વિચાર સાથે આ યોજનાનો વિકાસ કરવામાં આવ્યો હતો કે આખા પરિવાર માટે એકમાત્ર ફેમિલી સલોન તૈયાર થાય. આ વિવિધ ઉપચાર માટે આખા પરિવાર માટે આદર્શ સ્થળ છે.

બે દિવસ યોજાયેલ સ્પોર્ટસ ઈવેન્ટમાં અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય ડો દર્શિતાબેન શાહ ભાવનાબેન જોષીપુરા જ્યોતિબેન રાજ્યગુરુ આશાબેન ઉપાધ્યાય ડો આરતીબેન વાછાણી ડો જેનીશાબેન સોઢા નમ્રતાબેન ભટ્ટ નમ્રતાબેન ભટ્ટ રમાબેન હિરપરા પુષ્પાબેન સોની ગીતાબેન સોજીત્રા દમયંતીબેન જાની તથા મીનાક્ષીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભૂ માફિયાઓની બિલ્ડરને સ્કીમઃ એક કૌભાંડ સાથે એક કૌભાંડ ફ્રી...???

## નકલી લેખ ના આધારે નકલી વારસદાર બન્યા બાદ ભૂ માફિયા ને કરાર કરી આપ્યોઃ તેજાબાજ ભૂ માફિયા યે ગોબરી જમીન ચોખ્ખી કરવા બિલ્ડરને પધરાવી રૂપિયા ૨૫ લાખ ખંખેરી લીધા હોવાની ચર્ચા


**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં ભૂતકાળમાં અનેક જમીન કોભાંડો પ્રકાશમાં આવ્યા છે પરંતુ હવે કેટલાક ભૂ માફિયા દ્વારા અભિલેખાગાર કચેરી માંથી ભણતા નામ વાળા રાજાશાહીના વખતના લેખ મેળવી પડતા નામ વાળા ખેડૂત ના ખોટા અને નકલી વારસદારો ઊભા કરી કરોડોની જમીન હડપ કરવા નું કારસ્તાન ચાલી રહ્યું હોય તેવું પોલીસ ચોપડે અગાઉ નોંધાયું છે જેમાં મહુડી ગામની ૨૦૦ કરોડથી વધુ ની કિંમતની જમીન હડપ કરવા નકલી વારસદારો દ્વારા કોભાંડ કરવામાં આવતા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાય છે. આવી જ રીતે વધુ એક કૌભાંડ મોટા મવાગામની કરોડોની જમીનમાં આચરવામાં આવ્યું હોય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે ૧૯૩૨ માં રાજાશાહી ના સમયમાં ઠાકોર સાહેબ ધર્મેન્દ્રસિંહ દ્વારા ખેરવાડ જમીન મોટા મવા ગામના ભલા વાલા ને આપી હોય આ લેખ શહેરની અભિલેખાગાર કચેરીમાં થી ભુ માફી આવો દ્વારા કઢાવી લીધા બાદ નકલી વારસદારો બનાવી કરોડોની જમીન માં પચાવી પાડવા ખેલ માંડવામાં આવ્યો હોય તેવી ચર્ચાઓ થઈ રહી છે.

લેખના આધારે જમીન કોભાંડ




કરનાર નકલી વારસદારો દ્વારા એક ભૂ માફિયા ને કરાર કરી દેવામાં આવ્યો હોય અને આ કરારના આધારે ભેજા બાદ શખ્સો દ્વારા ગોબરી જમીન કહી સુધારો કરવા ના નામે બિલ્ડરોને પધરાવી દઈ સીસામાં ઉતારતા હોવાનું કારસ્તાન રચાયું હોય તેમ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઓફિસ ધરાવતા એક બિલ્ડરને આ ભૂ માફી યા દ્વારા એક કોભાંડ સાથે એક કોમાન્ડ ફ્રી ની સ્કીમ હેઠળ સીસામાં ઉતારી રૂપિયા ૨૫ લાખ ખંખેરી લીધા ની ચર્ચા એ જોર પકડ્યું છે પોલીસ દ્વારા આ કાગડોની ચકાસણી કરવામાં આવે તો એક કૌભાંડ બાદ બીજું કૌભાંડ છતું થાય તેવા પણ સારો વર્તાઈ રહ્યા છે.





# રાજકોટ જિલ્લા જેલમાં પાકા કામના કેદીનું બેભાન થયા બાદ મોત

## હડાળા ગામે વીજશોક લાગતા યુવાનનું મોત : સંતકબીર રોડ પર આધેડનો ફાંસો ખાઈ આપઘાત


**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા જેલમાં પાકા - કામના કેદી તરીકે સજા ભોગવતો ૫૪ વર્ષીય કેદી ગઈકાલે રાત્રીના સમયે એકાએક બેરકમાં બેભાન થઈ જતાં તેને તુરંત સારવાર અર્થે સરકારી હોસ્પિટલે લવાયો હતો. ત્યાં ફરજ પરના ડોક્ટરે મરણ થયાનું જાહેર કર્યુ હતું.

જ્યારે હડાળા ગામે બાપા - સિતારામ હાઉસમાં ઈલેક્ટ્રીક કામ – કરતી વેળાએ વીજ શોક લાગતા – યુવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે – સંતકબીર રોડ પર સોંદિપની સ્કૂલ પાસે રહેતા આધેડ અગમ્ય કારણસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભારે અરેરાટી મચી જવા પામી છે. જાણવા મળતી વિગતો મુજબ રાજકોટની સેન્ટ્રલજેલમાં વરજાંગ રામદેવ સોયા ઉ.વ.૫૪ નામનો કેદી લાંબા સમયથી પાકા કામના કેદી તરીકે જેલમાં રહેલો છે. રાત્રીના સમયે તેની બેરેક્માં હતો ત્યારે કોઈ કારણોસર બેભાન થઈ જતાં તુરંત સારવાર અર્થે સરકારી હોસિપિટલે ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક નિદાનમાં પાકા કામના કેદી વરજાંગ સોયાનું હાર્ટ એટેક્થી મોત થયાનું માનવામાં આવી રહ્યું છે.

બીજી ઘટનામાં રાજકોટની ભાગોળે હડાળા ગામના પાટિયા પાસે વીજય નગર ગામમાં રહેતો મહેશ ગણાવા ઉ.વ.૩૨ નામનો યુવાન બાપાસીતારામા હાઉસની અંદર ઈલેક્ટ્રીક કામ કરી રહ્યો હતો. તે સમયે તેને જોરદાર વીજકરંટ લાગતા ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલે લઈ જવાયો હતો. પરંતુ ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. જ્યારે ત્રીજી ઘટનામાં જોઈએ તો સંતકબીર રોડ પર સાંદિપની સ્કૂલ પાસે રહેતા ભરતભાઈ રાઘવભાઈ ગોવાણી ઉ.વ.૫૦ નામના આધેડે ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરે કોઈ હાજર ન હતું ત્યારે આગમ્ય કારણસર રૂમની છતમાં પંખાના હુક સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે અંગેની જાણ થતાં થોરાળા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ક્યા કારણોસર ભરતભાઈએ આપઘાત કર્યો છે. તે જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## દિવાનપરામાં સાડીની દુકાનમાં તસ્કરોનો હાથફેરોઃ રૂ.૧૩.૬૨ લાખની ચોરી



શહેરમાં દિવાનપરામાં આવેલ દુકાનમાંથી બેલડીએ રૂ.૧૩.૬૨ લાખનો હાથફેરો કર્યો હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. દોઢસો ફટ રીંગ રોડ પરના નવ જયોત પાર્કમાં રહેતા શશીકાંન્તભાઈ ગોપાલભાઈ રાયઠઠ્ઠાએ એ ડિવીઝન પોલીસમાં પોતાની દુકાનમાં ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે. જેમાં ગઈકાલે રાત્રીના હું અને મારો પુત્ર રાત્રીના દશેક વાગ્યા દુકાન બંધ કરી જતા રહ્યા હતા.આજે સવારે પુત્ર વિજયનો ફોન આવ્યો કે પપ્પા આપણી મનાલી ટેકસટાઈલ દુકાનમાં ચોરી થયેલ છે. તમે જલ્દી આવો જેથી હું ઘરેથી એ ડિવિઝન પોલીસ સ્ટેશન પહોંચી પોલીસને ઘટનાની વાત કરતા મારી સાથે પોલીસ સ્ટાફ ઉપરોકત દુકાને આવ્યા હતા.ત્યાં જોઈ તપાસ કરતા ગઈકાલે ધંધાના રૂપિયા ૪.૫૦ લાખ ત્રીજા તથા સોનાના બે પેન્ડલ કિં.રૂ ૮૦૦૦ તે જોવા મળેલ નહીં જેથી મારા કાઉન્ટરની પાછળ ભાગે લાકડાનો કબાટ ખુલ્લો જોવા મળેલ જેથી ડ્રોઅરની નીચે એક ચોરખાનુ છે. તે ચોર ખાનામાં વેપારના આશરે ૯ લાખ તેમજ ૧૦ હજારના સિક્કા જોવા મળેલ નહતા.જેથી સીસીટીવી કેમેરા તપાસતા બે શખસો અગાસીમાંથી દુકાનમાં પ્રવેશ કરી કુલ રૂ.૧૩.૬૨ લાખની ચોરી કરી પરત અગાસી પરથી જ નાશી છુટયા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોનું પગેરૂ મેળવવા વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ મહાનગરપાલિકાની કચેરી બહાર ટ્રાફિક પોલીસની હેલ્મેટ ડ્રાઈવ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગુજરાત રાજ્યના પોલીસ વડા દ્વારા પરિપત્ર બહાર પાડી સરકારી કર્મચારીઓ અને ફરજિયાત હેલ્મેટ પહેરવા અંગે અરમાન કરવામાં આવ્યા બાદ રાજકોટ શહેરની સરકારી કચેરીઓની બહાર ટ્રાફિક પોલીસ દ્વારા અવારનેવાર હેલ્મેટ ડ્રાઈવ ગોઠવવામાં આવે છે ત્યારે આજે સવારે રાજકોટ મહાનગરપાલિકાની કચેરી બહાર ગેટ ઉપર ટ્રાફિક પોલીસના પીએસઆઈ આરજે ચારણ એએસઆઈ વિમલેશભાઈ તથા એએસઆઈ વીબી રાજપુત તથા હેડ કોન્સ્ટેબલ રણછોડભાઈ ધાંધલ તથા અન્ય સ્ટાફ દ્વારા હેલ્મેટ ડ્રાઈવ રાખવામાં આવી હતી જેમાં મનપાના અને કર્મચારીઓ હેલ્મેટ વગર વાહન લઈને કચેરીએ આવતા દંડાયા હતા.

# માલવીયા ફાટક પાસે સ્વીફ્ટ કારે ઠોકરે ચડાવતા બુલેટ સવાર યુવાનનું મોત

- અઠવાડિયા પુર્વે જ યુવાનના લગ્ન થયા હતાઃ પરિવારમાં કરૂણ કલ્પાંત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં માલવિયા ફાટક અને અટીકા ફાટક વચ્ચે બાઈક સવાર યુવકને સ્વીફ્ટ કારના ચાલકે ઠોકરે લેતા ગંભીર રીતે ઘવાયેલા યુવકે સારવારમાં દમ તોડી દેતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

શહેરના શ્રમજીવી સોસાયટીમાં રહેતા અને જમીન–મકાન લે–વેચનો ધંધો કરતા સિધ્ધરાજસિંહ ધર્મેન્દ્રસિંહ જાડેજા ઉ.30 નામના યુવક બપોરે અઢી વાગ્યાની આસપાસ ઢેબર રોડ માલવિયા ફાટક અને અટીકા ફાટક વચ્ચેથી બુલેટ લઈ જતા હતા.ત્યારે અજાણ્યા સ્વીફટ કારના ચાલકે હડફેટે લીધા હતા. બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા. અને ઈજાગ્રસ્ત યુવકને ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી ભક્તિનગર પોલીસ મથકને જાણ કરતા સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતકના અઠવાડિયા પુર્વે જ લગ્ન થયા હતા. હાલ પોલીસ અકસ્માત સર્જી નાશી છુટેલા કારની સીસીટીવી ફુટેજના આધારે શોધખોળ હાથ ધરી છે.

# બેડી ગામે આજીનદીમાં મચ્છરોના ઉપદ્રવ બાબતે ગ્રામજનોની રજૂઆતનું નિરાકરણ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લાના બેડી ગામ પાસે આવેલી નદીમાં મચ્છરોનો ઉપદ્રવ ખુબ જ વધારે હોય તેથી સ્થાનિક લોકોના આરોગ્ય માટે જોખમ ઊભું ન થાય તે માટે મચ્છરનો ઉપદ્રવ અટકાવવા માટે રાજકોટ જિલ્લા પંચાયત ના બેડી–૩ સીટના સદસ્ય સુમિતાબેન રાજેશભાઈ ચાવડા અને રાજકોટ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભરત ડાભી અને બેડી ગામના સરપંચ પ્રતાપભાઈ રિબડિયા તથા બેડી ગામના ઉપ સરપંચ મુન્નાભાઈ શિયાળ દ્વારા રાજકોટ જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધીકારી ડો.અનંદુ સુરેશ ગોવિદ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.આર. ફુલમાલીના માર્ગદર્શન અને જિલ્લા મેલેરિયા અધિકારી ગૌરાંગ ઉપાધ્યાયને સાથે રાખી જેમાં મચ્છરના ઉપદ્રવ અટકાવવા માટે કામગીરીમાં આરોગ્ય વિભાગની ૧૦ ટીમો સંકળાઈ છે, જે નદી અને આસપાસના વિસ્તારોમાં ફાઈર ફાઈટર દ્વારા ડાફ્લુબેંઝ્યુરોન ૨૫% દવા છંટકાવ, સ્થાનિક નાગરિકોને મચ્છર ઉપદ્રવથી બચવા માટે જાગૃતિ ફેલાવવી, જેમ કે મચ્છરદાનીનો ઉપયોગ અને પાણીના સંગ્રહ સ્થાનોની યોગ્ય વ્યવસ્થા કરવી સહિતની કામગીરી આરોગ્ય વિભાગદ્વવારા કરવામાં આવી હતી તેમજ ફાઈલેરિયા રોગની તપાસ માટે ગ્રામજનોના લોહીના નમૂનાઓ લઈ તેની લેબોરેટરી તપાસ પણ કરવા માટેનું ખાસ આયોજન કરાયું હતું.

# જીવંતિકાનગરમાં બંધ મકાનમાંથી ૧.૪૭ લાખની માલમતાની ચોરી

## પ્રૌઢ રેસ્ટોરંન્ટમાં જમવા ગયા બાદ દલ્લો ઉઠાવી જનાર તસ્કરોની શોધખોળ

ગાંધીગ્રામ વિસ્તારના જીવંતિકાનગરમાં એકલા રહેતા પ્રૌઢ રાત્રે રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા ત્યારે બંધ રહેલા તેમના મકાનમાં ઘૂસી તસ્કરો રોકડા અને સોનાના ચેઈન સહિત કુલ રૂ.૧.૪૭ લાખની માલમતા ઉઠાવી ગયા હતા. પોલીસે રાબેતા મુજબ તપાસ શરૂ કરી હતી. આ અંગે માંથી વિગત મુજબ રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ જીવંતિકાનગરમાં રહેતા હસમુખભાઈ મોહનભાઈ ગોહેલે (ઉ.વ.૬૧) ચોરી અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હસમુખભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની પત્ની, પુત્ર અને પુત્રવધૂ અલગ રહે છે, પોતે એકલા રહે છે અને પોલીસ કમિશનર કચેરી સામે ફૂટપાથ પર ચશ્મા વેચી ગુજરાન ચલાવે છે. ચશ્માના વેપારના રૂ.૩૮ હજાર રોકડા તેમની પાસે હતા. આ રકમ તેથા પોતાનો રૂ.૧,૦૯,૦૦૦નો સોનાનો ચેઈન–ઘરમાં મંદિરમાં રાખી શુક્રવારે રાત્રે રૈયા ચોકડીએ જમવા ગયા હતા અને રાત્રે જમીને પરત આવીને સૂઈ ગયા હતા. શનિવારે સવારે ચા પીવા માટે બહાર જવું હતું તે માટે પૈસા લેવા ઘરના મંદિરમાં ગયા તો ત્યાં મૂકેલા પૈસા અને સોનાનો ચેઈન ગાયબ હતો. આમ રાત્રીના પોતે જમવા ગયા હતા ત્યારે તેમના બંધ મકાનમાં ઘૂસી કોઈ શખ્સ રોકડા અને સોનાના ચેઈન સહિત કુલ રૂ.૧.૪૭ લાખનો દલ્લો ઉઠાવી ગયા હતા. પોલીસે આ અંગે તપાસ શરૂ કરી હતી.

# શહેરમાં તસ્કરો બન્યા બેફામઃ ત્રણ મકાન અને ટ્રકને નિશાન બનાવ્યા

## કમિશનર કચેરી સામે ઉભા રહી ચશ્મા વેચતાં વૃદ્ધે મકાનની અંદર મંદિરમાં મુકેલી રોકડ અને સોનાનો ચેઈન ગાયબ

## કાગદડી ગામના પાટિયા પાસે રહેતાં બે સગાભાઈના ઘરમાં તસ્કરોએ ૧.૯૭ લાખની મત્તા ચોરી

રાજકોટમાં તસ્કરોએ ફરી ત્રણ મકાન અને ટ્રકને નિશાન બનાવી હાથમાં આવ્યું તે બધું જ ચોરી લેતાં પોલીસે તેને પકડવા માટે દોડધામ શરૂ કરી છે. પોલીસ કમિશનર કચેરી સામેની ફટપાથ ઉપર ઉભા રહીને ચશ્મા વેચતાં હસમુખભાઈ મોહનભાઈ ગોહેલ (ઉ.વ.૬૧)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યિું કે ૧૫ દિવસ સુધી ચશ્માનો વેપાર કરવા જવાનું ન હોવાથી ૭ માર્ચે તેમણે ૩૮૦૦૦ની રોકડ જીવંતીકાનગર શેરી નં.૧માં આવેલા મકાનમાં ભગવાનના મંદિરમાં મુકી હતી. આ સાથે ૧.૦૯ લાખની કિંમતનો સોનાનો ચેઈન પણ હતો. આ બધું ઘરમાં મુકીને તેઓ જમવા માટે ગયા હતા અને ત્યાંર્થી પરત આવી સૂઈ ગયા હતા. દરમિયાન આઠ માર્ચે સવારે જાગીને ભગવાનના મંદિરમાં પૈસા લેવા માટે ગયા ત્યારે પૈસા અને સોનાનો ચેઈન બન્ને ગાયબ હોય તેમણે શોધખોળ શરૂ કરી હતી પરંતુ મળી ન હતી. આમ તસ્કરે મકાનની દિવાલ કુદી ઘરમાંથી ૧.૪૭લાખની રોકડ–સોનાની ચોરી કરી હતી. જ્યારે રાકેશ કનુભાઈ આસોડિયા (ઉ.વ.૩૮)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તે ટ્રક રિપેરિંગનું ગેરેજ ચલાવતો હોય જીજે૧ રબીટી–૪૫૭૨નું રિપેરિંગ માક પૂર્ણ કરી તેને નવાગામ (આણંદપર) મેઈન રોડ પર આવેલા સર્વિસ સ્ટેશને સર્વિસ માટે મુક્યો હતો. બીજા દિવસે જ્યારે ટ્રક લેવા ગયો ત્યારે ક્લિનર સાઈડનો જોટો (એક્સલ વ્હીલ પ્લેટ સહિતનો) ગાયબ જણાતાં આ અંગે ટ્રકના માલિકને જાણ કરી હતી. આ જોટાની કિંમત ૫૨,૦૦૦ તેમજ પ્લેટની કિંમત આઠ હજાર હોય તસ્કરોએ ૬૦,૦૦૦ની ચોરી કરી ગયા હતા. આ જ રીતે તસ્કરોએ કાગદડી ગામના પાટિયા પાસે આવેલા બે સગાભાઈના મકાનને નિશાન બનાવી તેમાંથી રોકડ, સોના–ચાંદીના દાગીના સહિત ૧.૯૭ લાખની ચોરી કરી હતી.

# હરીનગરમાં વેપારીએ ૧૦ લાખના ૧૭.૫૦ લાખ ચુકવ્યા છતાં વધુ નાણાની ઉઘરાણી

રૈયાટેલીફોન એક્સચેન્જ પાસેના હરીનગર વિસ્તારમાં રહેતા વેપારીએ નાણા ધીરધારનો વ્યવસાય કરતા માથાભારે શખ્સ પાસેથી ૧૦ લાખ વ્યાજે લીધા હતાં. તેનું અત્યાર સુધીમાં ૧૭.૫૦ લાખનું ચુકવણુ કરી દીધું છતાં માથાભારે શખ્સ દ્વારા વધુ નાણાની ઉઘરાણી કરી જાનથી મારી નાખી ધમકી અપાતા મામલો પોલીસ સુધી પહોચ્યો છે. જાણવા મળતી વિગત મુજબ મુળ ધોરાજીના જમનાવર રોડ ઉપર તક્શશીલા એપાર્ટમેન્ટમાં રહેતા અને હાલ રૈયા ટેલીફોન એક્સચેન્જ પાછળ હરીનગર–૩માં રહેતા શ્યામ દિનેશભાઈ ભૂત નામના પટેલ વેપારીએ રાજકોટના વ્યાજખોર રાજેન્દ્રસિંહ ઘોઘુભા જાડેજા વિરુદ્ધ વ્યાજ ખોરી અને ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં વેપારી શ્યામભાઈએ જણાવ્યું હતુ કે, પાંચ વર્ષ પૂર્વે તેણે રાજેન્દ્રસિંહ પાસેથી ધંધાના કામ અર્થે ૧૦ લાખ વ્યાજે લીધા હતાં. તેનું વ્યાજખોર રાજેન્દ્રસિંહ ૨૦ ટકા વ્યાજ લેતા હતાં અત્યાર સુધી તેણે રાબેતા મુજબ રકમ અને વ્યાજ– મળી ૧૭.૫૦ લાખ ચુકવ્યા છે. છતાં રાજેન્દ્રસિંહ તેમની મુળી ઉભીને ઉભી છે. તેમ કહી પઠાણી ઉઘરાણી કરતા હતાં. સાથે ભુંડાબોલી ગાળો આપી મારી નાખવાની ધમકી આપતા અંતે ગાંધીગ્રામ પોલીસ મથકમાં આ ફરિયાદ નોંધાવી છે. જેની તપાસ પીએસઆઈ જાડે જા ચલાવી રહેલ છે.

# ફ્લેટનો દરવાજો લોક થતા બાળક ફસાયું

- ફાયરની ટીમે કર્યુ દિલધડક રેસ્ક્યું : ગણતરીની મિનિટોમાં લોકને ખોલી બાળકને સહીસલામત રીતે બહાર કાઢ્યું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રેસકોર્સ નજીક એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે આવેલા ફ્લેટમાં કોઈક કારણોસર બાળક લોક થયાની જાણ થતાં ફાયરની ટીમો દોડી ગઈ હતી. ગણતરીની મિનિટોમાં લોકને ખોલી બાળકને સહીસલામત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. બાળકને સુરક્ષિત બહાર કાઢી જીવ બચાવનાર ફાયર બ્રિગેડની ટીમનો પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

આ અંગે વિગત મુજબ રાજકોટમાં રેસકોર્સ રિંગ રોડ પરનાં શિવધારા સામે રઘુનાથ–૨ આવેલ એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે આવેલા એક ફ્લેટમાં દેવપ્રકાશભાઈ હરદેવસિંહનું નાનું બાળક લોક થઈ ગયું હોવાની સવારે સાડા નવેક વાગ્યાના અરસામાં જાણકારી મળતા જ ફાયરની ગાડી અને એમ્બ્યુલન્સ સાથે સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમે ગણતરીની મિનિટોમાં લોકને ખોલી બાળકને સહીસલામત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આ બાળકના પિતા દેવપ્રકાશભાઈ સહિત પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. બાળકને સુરક્ષિત બહાર કાઢી જીવ બચાવનાર ફાયર બ્રિગેડની ટીમનો પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો. સામાન્ય રીતે ફાયર વિભાગ આગની ઘટનાઓમાં જ કામ કરે છે, તેવી ધારણા મોટાભાગના લોકોમાં હોય છે. પરંતુ આગ સિવાયના ઘણા બનાવોમાં પણ ફાયર વિભાગનાં જવાનો સતર્કતાપૂર્વક કામ કરીને લોકોનો જીવ બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. આજે બનેલી ઘટના દ્વારા ફાયર વિભાગે વધુ એકવાર પોતાની સતર્કતાની સાબિતી આપી છે. આજે ફ્લેટમાં લોક થયેલા બાળકને સહી સલામત બહાર કાઢી લેવામાં આવતા પરિવાર સહિત આસપાસના લોકોએ પણ ફાયરની ટીમની આ કામગીરીને બિરદાવી હતી.

# ચોરી કરી પાંચ વર્ષથી રાજસ્થાનમાં છુપાઈ ગયેલો રીઢો તસ્કર પકડાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ચોરીઓને અંજામ આપી ગુજરાત બહાર છુપાઈ ગયેલા તસ્કરોને પણ શોધીને જેલમાં પૂરવામાં આવી રહ્યા છે ત્યારે ક્રાઈમ બ્રાન્ચે આવા જ એક રીઢા તસ્કરને છેક રાજસ્થાન જઈને પકડી પાડયો હતો.

આજથી પાંચ વર્ષ પહેલાં એટલે કે ૨૦૨૦માં બી–ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં ચારેક તસ્કરોએ મકાનમાં ત્રાટકીને ચોરીને અંજામ આપ્યો હતો. જે તે સમયે આ ટોળકીમાં સામેલ ત્રણ તસ્કરો પકડાઈ ગયા ૨૦૨૦– ૮ખ૦ડઊં ૮% –ડ૯%૮ કર્યોથતોઃ ક્રાઈમ બ્રાન્ચના દીપક ચૌહાણ, યુવરાજસિંહ, રાજેશ જળુ સહિતની ટીમે જોધપુરમાં વોચ ગોઠવી દબોચ્યો હતા પરંતુ ભગવાનરાજ લીલાજી ચૌધરી (ઉ.વ.૩૫, રહે.મોગરા) પાંચ વર્ષથી હાથમાં આવી રહ્યો ન હોય ડીસીબી પીએસઆઈ વી.ડી.ડોડિયા, હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ચૌહાણ,



યુવરાજસિંહ ઝાલા, રાજેશભાઈ જળુ સહિતની ટીમે જોધપુરના મોગરા જઈને વોચ ગોઠવી હતી. શરૂઆતમાં તો ભગવાનારામને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ આવી હોવાની ગંધ સુદ્ધા આવી ન્હોતી. ટીમે અડધો દિવસ સુધી વોચ રાખ્યા બાદ આખરે તેને પકડી લીધો હતો અને રાજકોટ લાવી હતી. તપાસમાં ખુલ્યા પ્રમાણે ભગવાનારામ સામે કચ્છ પૂર્વ, અમદાવાદમાં પણ ગુના નોંધાયેલા હોવાનું ખુલ્યું છે.